# ખેડૂતોને લોનમાં બેંકો મોટી ભુમિકા અદા કરે : આનંદીબેન

## ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેન્કસ ફેડરેશનની સહકાર સેતુ-૨૦૧૪ પરિષદનો મુખ્યપ્રધાનના હસ્તે શુભારંભ

ગાંધીનગર, તા.૦૭

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્યની સહકારી બેન્કો ખેત ઉત્પાદનોના સંગ્રહ જાળવણી માટેની ગોડાઉન વ્યવસ્થા ઉભી કરવા ખેડૂતોને લોન-ધિરાણ સરળતાથી ઉપલબ્ધ કરવા અગ્રેસર ભૂમિકા નિભાવે તેવો અનુરોધ કર્યો છે.

ગુજરાત રાજ્યની વિવિધ સહકારી બેન્કોના ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેન્કસ ફેડરેશન દ્વારા ગાંધીનગરમાં સહકાર સેતુ-૨૦૧૪ દ્વિદિવસીય પરિષદનો મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યભરની સહકારી બેન્કોના પદાધિકારીઓ, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ઉચ્ચ અધિકારીઓ અને પ્રાદેશિક નિયામક તથા ઈન્સ્યોરન્સ કંપનીઓના વરિષ્ઠ અધિકારીઓ સહિત સહકારી ક્ષેત્રના આગેવાનો આ પરિષદમાં ભાગ લઈ રહ્યા છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આ અવસરે સ્વાસ્થ્ય વીમા યોજનાનું લોંચીગ કર્યું હતું. તેમણે સહકારી ક્ષેત્ર સમાજ દાયિત્વની જિમ્મેદારી નિભાવે તે માટેનું પ્રેરક આહવાન કરતાં સહકારી બેન્કો કૃષિકારોને તેમના અનાજના ઉત્પાદનના બજારમાં પોષણક્ષમ ભાવ મળે ત્યાં સુધી સાચવી શકાય તેવી સંગ્રહવ્યવસ્થા માટે ખેડૂતોને ઓછા વ્યાજ દરે ગોડાઉન માટે લોન-ધિરાણ પુરૂં પાડવા અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ રાજ્યવ્યાપી ટપક સિંચાઈ ડ્રિપ ઈરીગેશનને પ્રોત્સાહીત કરવા માટે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ અને સહકારી બેન્કો સહિત સહકારી માળખું આ પદ્ધતિ અપનાવનારા કૃષિકારોને લોન-સહાય આપવાનું



દાયિત્વ નિભાવે તેવો પણ અનુરોધ કર્યો હતો. મુકયમંત્રીએ જણાવ્યું કે સહકારી બેન્કીંગ ક્ષેત્ર અને તેના સંચાલકો પ્રજાનો વિશ્વાસ ભરોસો સંપાદિત કરી કો-ઓપરેટીવ સેકટરની આગવી પ્રતિષ્ઠા બ્રાન્જ ઈમેજ ઉભી કરે. આ સંદર્ભમાં તેમણે અમુલ સહકારી ચળવળની વિશ્વવ્યાપી શાખ અને વિશ્વસનીયતા ગુજરાતનું સહકારી ક્ષેત્ર ઊભી કરી શકવાનું સામર્થ્ય ધરાવે છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આનંદીબેન પટેલે ગુજરાતમાં ૨૨૩૫ ઉપરાંત દૂધ ઉત્પાદક મંડળીઓનું નારીશક્તિ દ્વારા સંચાલન થાય છે અને ચાર લાખ સભાસદ બહેનો ગ્રામીણ ક્ષેત્રમાં પરિવારનો આર્થિક આધાર બની છે તેની વિશેષતા વર્ણવતા જણાવ્યું કે આ નારીશક્તિને સ્વનિર્ભરતાના માર્ગે લઈ જવા સ્વસહાય જૂથો અને સખીમંડળોને પણ સહકારી બેન્કો ધિરાણ સહાયમાં અગ્રતા આપે. આરોગ્ય રાજ્યમંત્રી અને બનાસ બેન્કના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ સહકારી ક્ષેત્રની એક સમયે તળીયે ગયેલી શાખ પ્રતિષ્ઠા અને લોકોની ઉઠી ગયેલો વિશ્વાસ તાત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કઠોરત્તમ નિર્ણયો લઈને પણ પુનઃ પ્રસ્થાપિત કર્યા તેનો હર્ષ વ્યક્ત કર્યો હતો. સહકારીતાનું ઉત્કૃષ્ટ મોડેલ કેવું હોય તેનું ઉત્તમ મોડલ ગુજરાતે દેશ સમક્ષ મુક્યું છે તેનો શ્રેય રાજ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના સુશાસનને આપ્યો હતો. ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેન્કસ ફેડરેશનના અધ્યક્ષ જ્યોતિન્દ્ર મહેતાએ પરિષદનો ઉદેશ્ય સ્પષ્ટ કર્યો હતો. ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્કના ચેરમેન અજયભાઈ પટેલ, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના પ્રાદેશિક નાયબ નિયામક વગેરેએ પ્રાસંગિત સંબોધનો કર્યા હતા. આભાર પ્રસ્તાવ ફેડરેશનના વાઈસ ચેરમેન ડોલરરાય કોટેચાએ વ્યક્ત કર્યો હતો.

## ટપાલ સેવાને લગતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા ડાક અદાલતનું આયોજન

### સેકટર-૧૧ ઓફિસે ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૭

શહેરમાં ટપાલની સ્થિતિ કથળતી જાય છે તેને બહેતર બનાવવા માટે સેકટર-૧૧માં આવેલ ડિવિઝન ઓફિસ ખાતે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. પોસ્ટ અંગેની ફરિયાદોનું આ અદાલતમાં નિરાકરણ લાવવામાં આવશે.

ગાંધીનગરનો વિકાસ થયો અને નવા ગાંધીનગરનું નિર્માણ થયું. શહેરનો વિસ્તાર વધવાથી નવા ગાંધીનગરના રહીશોની અવાર નવાર પોસ્ટ વિભાગ સામે ફરિયાદ હતી. અનેક ફરિયાદોનું નિવારણ લાવવા પોસ્ટ વિભાગ દ્વારા ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર સેકટર-૧૧માંઆવેલ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ ખાતે તા. ૧૯ જૂનના રોજ સવારે ૧૧-૦૦ વાગે ડાક અદાલત યોજવામાં આવશે. જેમાં પોસ્ટ વિભાગ શહેરના નાગરિકોની સળગતી સમસ્યાઓનું નિરાકરણ લાવશે. શહેરના કોઈ પણ નાગરિકને પોસ્ટને લગતી સમસ્યા હોય તો આ સમસ્યા તા. ૧૬ જૂન સુધી લેખિતમાં સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ ગાંધીનગર સેકટર-૧૧ ખાતે મોકલવાની રહેશે. અંતિમ તારીખ સુધી મળનાર અરજીને જ ધ્યાને લેવામાં આવશે.

## સાણંદમાં કૃષિ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૭

અમદાવાદ નજીક સાણંદ એ.પી.એમ.સી. ખાતે તાજેતરમાં કૃષિ શિબિર યોજાઈ હતી. જેમાં આમંત્રિત મહાનુભાવો અને તાલુકાના ખેડૂત ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ કૃષિ શિબિરમાં વૈજ્ઞાનિકોએ વિવિધ બાબતોનું માર્ગદર્શન આપ્યું હતું. બાદમાં મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પણ શિબિરને સંબોધતા કૃષિ બાબતે ખેડૂત ભાઈ-બહેનોને સચોટ અને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. અને તેમના વરદ હસ્તે કિટ્સનું વિતરણ કર્યું હતું. આ શિબિરમાં સાણંદ એ.પી.એમ.સી.ના ચેરમેન જીતુભાઈ વાઘેલા, પ્રદિપસિંહ વાઘેલા, સુરેશભાઈ પટેલ, ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ પટેલ, ઝવેરભાઈ ચાવડા, જિલ્લા, તાલુકા ભાજપના ડેલીગેટ હાજર રહી શિબિરને સફળ બનાવી હતી.

## શબ્દાવલી - ૫૪૧૨



### આડી ચાવી

૧. પ્રસ્વેદ, પસીનો (૪)
૪. માથાનું પેટી જેવું હાડકું(૩)
૬. જકડાઇ જવું (૪)
૮. વાનગી (૨)
૧૦. રામ, ... કુલ રીત સદા ચલી આઇ... (૨)
૧૧. ઝુટકુ, ઝપકી (૨)
૧૨. ચાકર, નોકરી કરનાર (૩)
૧૪. જરીક અડતા દુઃખે તેવી(૨)
૧૫. ડીમલાઇટ (૫)
૧૮. જીવ, ચેતના (૩)
૧૯. દૂધ ગરમ કરી ઠંડુ પડે એટલે ઉપર થતું પડ (૨)
૨૦. જાદુ (૩)
૨૧. ચરબી વાળી મજબુત (૪)
૨૨. પક્ષી... વિના ઉડી ના શકે (૨)
૨૩. ધુળના નાના કણ (૨)

### ઊભી ચાવી

૧. મંજુરી, સનદ (૪)
૨. પથારી, બેડ (૨)
૩. નાના બાળકને ચાલવા શીખવવાની ગાડી (૩)
૪. ખોઇ નાખવું (૨)
૫. ટોચકું, ટેરવું (૩)
૭. મડદાને ઊંચકીને લઇ જનાર (૨)
૯. સૌથી નજીકનું (૫)
૧૧. થેલી, ઝોળો (૨)
૧૩. રમી રહેલું, આનંદ માણતું (૪)
૧૪. ઉંમર, આયુષ્ય (૨)
૧૬. વાંધો, હરકત (૪)
૧૭. માથાના તાજ (ઉપમા) (૪)
૧૮. નભ, નભ્ર (૩)
૧૯. ફોટો (૩)

### શબ્દાવલી ૫૪૧૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) પતવાર (૪) પ્રયોગ (૫) જુગાર (૬) પાયો (૭) સરૂ (૯) જનાજો (૧૧) આયોજન (૧૩) બોર (૧૪) મકાન (૧૬) અબોલ (૧૭) ચમરબંધી (૧૮) પગી (૨૦) કરટવ

**ઊભી ચાવી :-** (૧) પજુસણ (૨) તગારુ (૩) વાર (૪) પ્રયોજન (૮) વિયોગ (૧૦) જોકર (૧૨) જુકામ (૧૩) બોલપટ (૧૪) મચક (૧૫) નરમ (૧૬) અધીક (૧૯) ગીવ

# અમદાવાદમાં ગરમીથી વધુ ત્રણના મોત

### અમદાવાદમાં તાપમાન ૪૩.૬ ડિગ્રી થયું : હિટવેવની કોઈ ચેતવણી જારી ન કરાઈ હોવા છતા હાલત કફોડી : ગરમીના કારણે લોકો પર પ્રતિકૂળ અસર

અમદાવાદ, તા.૦૭

અમદાવાદ સહિત ગુજરાતભરમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. ગરમીના લીધે આજે વધુ ત્રણ લોકોના મોત થતા મોતનો આંકડો વધીને અમદાવાદ શહેરમાં સાત ઉપર પહોંચ્યો હતો જ્યારે ગુજરાતમાં મોતનો આંકડો વધીને ૧૬ ઉપર પહોંચી ચુક્યો છે. હિટસ્ટ્રોકના ૪૬ કેસ નોંધાઈ ચુક્યા છે. શહેર અને રાજ્યમાં છેલ્લા પાંચ દિવસથી વધેલા ગરમીના પારાના કારણે હિટસ્ટ્રોકના કેસોમાં ભારે વધારો જોવા નોંધાયો છે. અમદાવાદના કેલીકોનગર, નારોલના રહેવાસી રામેશ્વર રમતારામજી ચહેર (ઉ.૪૦)એ આજે એલજી હોસ્પિટલમાં દમ તોડ્યો હતો.

જ્યારે સરખેજના નહેરૂનગરમાં રહેતા હબીબભાઈ શેખ (ઉ.૬૦)નું વીએસ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. કાલુપુરની દેવાની ખડકીના રહેવાસી સુરેશભાઈ એમ. મિસ્ત્રી (ઉ. ૫૯)નું પણ વીએસ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત થયું હતું. આ રીતે શનિવારના એક જ દિવસમાં ગરમીએ શહેરમાં કુલ ત્રણ લોકોનો ભોગ લીધો હતો. છેલ્લા બે મહિના દરમિયાન રાજ્યમાં ગરમીના કારણે કુલ ૩૬ હજાર અને અમદાવાદમાંથી ૬ હજારથી વધુ લોકો હિટસ્ટ્રોકના સંકજામાં સપડાઈ ચુક્યા છે. શહેરમાં ગરમીને લીધે ગત એપ્રિલથી અત્યાર સુધીમાં એક હજારથી વધુ પેટના દુખાવા, ૧,૯૦૦ બેભાન થવાના અને ૯૦૦થી વધુ કેસ ચક્કર આવવાના નોધાયા છે. જો કે માત્ર સારવાર લઈને જતાં રહેતા દર્દીઓની સંખ્યા બહુ મોટી હોવાનું જાણવા મળ્યું છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી. પરંતુ પશ્ચિમથી દક્ષિણ પશ્ચિમ પવનો નીચલી સપાટી ઉપર ફુંકાઈ રહ્યા છે. જેના કારણે હાલત કફોડી બનેલી છે. આજે ડિસામાં ૪૪, રાજકોટમાં ૪૪.૨, સુરેન્દ્રનગરમાં ૪૪.૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં પારો આજે વધીને ૪૩.૬ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો.

# ચીફ મેટ્રો મેજીસ્ટ્રેટનો હુકમ રદ : રિવિઝન અરજી મંજુર

એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરોની બેદરકારીના કારણે ટીબી જેવા સાધ્ય રોગમાં મૃત્યુ પામનાર યુવાન દેવાનંદ રામભાઈ વર્માના કેસમાં ચીફ મેટ્રો મેજીસ્ટ્રેટ દ્વારા ફરીયાદ રદ કરવાના હુકમ સામે રિવિઝન અરજી કરવાની અરજી સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટમાં મંજુર કરી છે અને ચીફ મેટ્રો મેજીસ્ટ્રેટનો હુકમ રદબાદલ કર્યો છે. પોલીસ કમિશનરને ફરીયાદની ન્યાયીક તપાસ કરી ચીફ મેટ્રો મેજીસ્ટ્રેટને બે માસની અંદર તપાસ રિપોર્ટ રજુ કરવા હુકમ કર્યો છે. બીજી તરફ સીવીલ હોસ્પિટલના મેડિકલ સુપ્રીટેન્ડેન્ટને ફરીયાદ મામલે પાંચ નિષ્ણાંત ડોક્ટરોની કમિટી બનાવી ૧૫ દિવસમાં તપાસ રિપોર્ટ સુપ્રિટેન્ડેન્ટને સુપરત કરવા હુકમ કર્યો છે.

કુબેરનગર વિસ્તારમાં રહેતા ૨૫ વર્ષીય પરિણીત યુવાન દેવાનંદ રામભાઈ વર્મા ટીબીના રોગથી પીડાતા હતા અને તેમને ઓગસ્ટ ૨૦૦૬માં સીવીલ હોસ્પિટલ ના ટીબી વોર્ડમાં દાખલ કરાયા હતા ડોકટરોએ દર્દીને ગંભીર પ્રકારનો ટીબી છે તેવું જણાવ્યું હતું પરંતુ ડોકટરો દ્વારા યોગ્ય સારવાર ન કરાતા પીડિતનું ૨૭ નવેમ્બર ૨૦૦૬ના રોજ અવસાન થઈ ગયુંહતું. ગુજરનાર જ્યારે ટીબી વોર્ડમાં દાખલ હતા ત્યારે વોર્ડના ડોક્ટર્સના મંતવ્ય મુજબ દર્દીનો કલ્ચર રિપોર્ટ તાત્કાલીક રિપોર્ટથી દર્દીને કયા પ્રકારનો ટીબી છે જાણી શકાય પણ સીવીલ હોસ્પિટલમાં ૪ ઓગસ્ટ ૨૦૦૬ના રોજથી આ મશીન બંધ હતું અને ડોકટરોએ મશીન ચાલુ કરાયું ન હતું તેથી દર્દીનું કલ્ચર રીપોર્ટ મેળવી શકાયું ન હતું. ડોકટરોએ ૯૭ દિવસ સુધી મશીન બંધ હોવા કારણે કલ્ચરલ રીપોર્ટ લીધુ ન હતું તેથી ગુજરનારની સારવાર યોગ્ય રીતે થઈ શકી ન હતી અને પીડિતનું અંતે મૃત્યુ થયું હતું.

ગુજરનારના ભાઈ ખુશાલ વર્માએ શહેર પોલીસ કમિશનરને ડોક્ટરોની બેદરકારી અંગે ફરીયાદ દાખલ કરવા અને ગુનો નોંધવા વિનંતી કરી હતી પરંતુ તેમના તરફથી કોઈ કાર્યવાહી ન થતાં તેમણે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી જેમાં હાઈકોર્ટની ફરીયાદ ઉપર કાર્ય કરવા મૌખિક હુકમ કર્યોહતો. ચીફ મેટ્રો કોર્ટે આ અંગે એડિશનલ ડીજી, સીઆઈડી ક્રાઈમને (ગાંધીનગર) કેસની તપાસ કરી રીપોર્ટ રજુ કરવા હુકમ કર્યો હતો. એડિશનલ ડીજીઓ ફરીયાદ અંગે રીપોર્ટમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૬ દરમ્યાન ટીબીના ૧૯૫૫ દર્દીઓ દાખલ થયા હતા જેમાં ૨૮૮ દર્દીના મોત થયા હતા. દેવાનંદ વર્માના કેસમાં તેમને થયેલ હઠીલા ટીબીને કારણે અને અનિયમિત દવાઓ લેવાના કારણે મોત થયુંહતું. ચીફ મેટ્રો કોર્ટે તપાસ રીપોર્ટના આધારે ફરીયાદીની ફરીયાદ રદ કવરાનો હુકમ કર્યોહતો તેથી તેની વિરૂદ્ધ ગુજરનાર ભાઈ ખુશાલ વર્માએ અમદાવાદ સીટી સીવીલ સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી કરી હતી. રિવીઝન અરજીમાં બંને પક્ષો વચ્ચે ધારદાર દલીલો થઈ હતી. જેમાં સરકારી વકીલ મુકેશ કાપડીયાએ જણાવ્યું હતું કે ડોક્ટરોની કોઈ બેદરકારી આ કામમાં રેકર્ડ ઉપર જણાતી નથી. દેવાનંદ વર્મા ટીબીની ગંભીર બિમારીને કારણે મૃત્યુ પામેલા છે અને તપાસ પણ યોગ્ય રીતે થઈ છે અને ચીફ મેટ્રો કોર્ટનો હુકમ ન્યાયીક અને યોગ્ય છે અને રિવિઝન અરજી રદ થવી જોઈએ. બીજી તરફ ફરિયાદી પક્ષ તરફથી દલીલો થઈ હતી જેમાં તેમણે જણાવ્યું હતું કે તા. ૪ ઓગસ્ટ ૨૦૦૬થી સીવીલ હોસ્પિટલમાં કલ્ચર રીપોર્ટ મશીન બંધ હતું જે ડોક્ટરોએ ચાલુ કર્યું ન હતું. તપાસ અધિકારીએ નિષ્પક્ષ તપાસ કરી ન હતી. રમીલા દંતાણીનું નિવેદન લેવામાં આવ્યું છે પરંતુ તેઓએ પોતાની સેવા યોગ્ય રીતે આપી નથી પદમાબેન ઠાકોરનું નિવેદન મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ થયું નથી. ગુજરનાર દર્દીના સમયગાળામાં ૯૦ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા.

### ગૌરવશાળી કદમ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોય છે અને તે ત્રણ વર્ષનો અભ્યાસક્રમ છે.

ગાંધીનગર મેડીકલ કોલેજને હજુ ત્રણ વર્ષ પૂર્વે જ મંજૂરી મળી છે અને એની સાથે એન.એ.બી.એચ. પ્રમાણપત્ર ધરાવતી હોસ્પિટલ છે. જેમાં ૪૦૦ બેડની સુવિધા છે. જો આ અભ્યાસક્રમને મંજૂરી મળશે તો ગાંધીનગર નોલેજ કોરીડોર તરીકેની આગવી ઓળખ પ્રસ્થાપિત થશે. ગાંધીનગર શહેરને નોલેજ કોરીડોર તરીકે વિકસાવવા માટે સરકારે પણ સઘન પ્રયાસો કર્યા છે અને આ શહેરમાં હાલ સાત યુનિ.ઓ કાર્યરત છે આ ઉપરાંત રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓ પણ કાર્યરત થઈ રહી છે.

## કંપની સમાચાર

### તારિણી ઈન્ટરનેશનલ લિ.નો આઈપીઓ ૯ જૂન, ૨૦૧૪ના રોજ ખૂલી રહ્યો છે

તારિણી ઈન્ટરનેશનલ લિ. ભૌગોલિક રૂપે ભારત અને આફ્રિકન ઉપમહાદ્વીપમાં પ્રોજેક્ટ ધરાવતી કંપનીએ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૩૯,૭૮,૦૦૦ ઈક્વિટી શેરોના સાર્વજનિક ઈસ્યૂ સાથે ૯ જૂન, ૨૦૧૪ના રોજ મૂડીબજારમાં પ્રવેશવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ઈસ્યૂ ૧૩ જૂન ૨૦૧૪ના રોજ બંધ થશે. શૅર દીઠ રૂ. ૪૧ નિશ્ચિત કરવામાં આવેલ ઈસ્યૂ પ્રાઈસની સાથે કંપનીએ રૂ. ૧૬૩૦.૯૮ લાખનું કુલ ફંડ ઊભું કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. માર્કેટ મેકર માટે ૨,૦૧,૦૦૦ ઈક્વિટી શૅરોના આરક્ષણ બાદ જનતા માટે ચોખ્ખો ઈસ્યૂ ૩૭,૭૭,૦૦૦ ઈક્વિટી શૅરોનો હશે. ઈસ્યૂ અને ચોખ્ખો ઈસ્યૂ કંપનીની ઈસ્યૂ બાદની પેઈડઅપ ઈક્વિટી શૅર મૂડીના ક્રમશઃ ૩૦.૬૦ ટકા અને ૨૯.૦૬ ટકાનો હશે. ઈક્વિટી શૅરોને બીએસઈના એસએમઈ પ્લૅટફોર્મ પર લિસ્ટેડ કરવાનો પ્રસ્તાવ છે. ગીનેસ કૉર્પોરેટ એડવાઈઝર્સ પ્રા. લિ. ઈસ્યૂના લીડ મૅનેજર અને લિન્ક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ. ઈસ્યૂના રજિસ્ટ્રાર છે.

કંપનીએ વધી રહેલી લાંબાગાળાની કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને બ્રાન્ડ બિલ્ડિંગ માટેની નાણાંકીય જરૂરિયાતો પૂરી કરવા માટે ઈસ્યૂની ચોખ્ખી પ્રાપ્તિનો આંશિક ઉપયોગ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, તે સાથે જ આ આઈપીઓ દ્વારા એકત્ર કરવામાં આવેલા ફંડમાંથી પોતાની રજિસ્ટર્ડ ઑફિસનું ઈન્ટિરિયર અને રિનોવેશન અને સામાન્ય કૉર્પોરેટ ખર્ચ પૂરા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. કંપની હાઈડ્રો પાવર જનરેશન, ટ્રાન્સમિશન અને વિતરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ટેકનિકલ સલાહ અને નાણાં પૂરાં પાડવા માટે એન્જિનિયરિંગ ઘટકના રૂપમાં વિકસી છે. સમયની સાથે કંપની ડિઝાઈનિંગ, કન્સ્ટ્રકશન, જનરેશન, ટ્રાન્સમિશન અને વિતરણના એક છત્ર હેઠળ ટર્નકી સેવાઓ પૂરી પાડતા એક સમન્વિત ખેલાડીના રૂપમાં વિકસી છે. કંપની કન્સેપ્ટથી માંડીને કમિશનિંગ સુધીના પ્રોજેક્ટ પૂરા કરવા માટે પણ વ્યવસાયીરૂપે સક્ષમ છે.

### રઝળપાટ ... ● બીજા પાનાનું ચાલુ

ક્લોન થવાની શક્યતા તો રહેલી જ છે. ઓનલાઈન શોપિંગ વખતે શોપિંગ સાઈટનો બરાબર અભ્યાસ કરવો. સસ્તું આપે છે એની લાલચમાં નહિ પણ એ જ વસ્તુ બીજી સાઈટો પર શું ભાવે છે એ ચેક કરવું જો આસમાન જમીનનો ફેર હોય તો તમે જે સાઈટ પર શોપિંગ કરવા માંગતા હો એના ફોન નમ્બર પર ફોન કરીને ખાતરી કરી લેવી. કોઈ ટેલીકોલરનો ફોન આવે ને તમને કોઈ ગીફ્ટની બદલામાં કોઈ કાર્ડ કે હોલીડે પેકેજ લેવાની વાત કરે તો ઉતાવળે હા નાં પાડી દેવી. બને ત્યાં સુધી એને લેખિતમાં ઈમેલ પર ઓફર મોકલવાનું કહેવું તમે જો જો ૧૦૦ % એ લોકો ઈમેલ કરવાનીનાં જ પાડશે. એટલું યાદ રાખવું કે લેપટોપ, મોબાઈલ કે કોઈ બીજી વસ્તુ કોઈ મફત નથી આપતું. હમેશ બેંક એકાઉન્ટ કે ક્રેડીટ કાર્ડ બિલ્સ ચેક કરતા રહો અને જેવી કોઈ ખોટા વહેવારો નજરે પડે તો બેંકમાં ફરિયાદ કરો. બેંક આનું વળતર આપવા બંધાયેલી છે. ક્યારેય પણ ઈન્ટરનેશનલ નમ્બર પરથી આવેલા મિસ કોલને કોલ બેક નાં કરો. ખાસ કરીને પ્રીપેડ કાર્ડ વાપરતા હોવ તો આ વસ્તુ વધુ જોખમી છે. મહત્વનું છે કે કોઈ લાલચમાં આવ્યા વગર બને એટલી વધુ પૂછપરછ કે તપાસ કરવી જરૂરી છે બાકી દિવસે ને દિવસે આવી ઓનલાઈન ઠગાઈઓની નવી ને નવી તરકીબો આવતી જ રહેવાની એટલે બહેતર છે કે આવી બાબતોમાં એક ચોક્કસ વલણ અને નીતિ અપનાવવી જેથી ક્યારેક મોટું આર્થિક નુકશાન નાં થાય.

**વિસામો -**

નોર્ટન રીપોર્ટ, મુજબ ભારતમાં આવા ઓનલાઈન ફ્રોડને લીધે રૂપિયા ગુમાવવાનો રેશિયો માથાદીઠ ૧૦૦૦૦ રૂપિયા છે અને જુલાઈ ૨૦૧૩ સુધીમાં ભારતના લોકોએ આવી રીતે ગુમાવેલા રૂપિયાનો ટોટલ હતો ૪૦૦ કરોડ.

**ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર**
An ISO 9001 : 2008 Certified Organizatioon)
**જાહેર હરાજી નિવિદા નં. ૦૧/૨૦૧૪-૧૫**

આથી રસ ધરાવતી પાર્ટીઓને જણાવવામાં આવે છે કે, અત્રેની સંસ્થા ખાતે બિન વપરાશી મશીનરી / ઈક્વીપમેન્ટ / ટુલ્સ / ફર્નીચર અને રોમટીરીયલ્સનો ભંગાર (સ્ક્રેપ) જે સ્થિતિમાં જ્યાં છે, ત્યાંથી બેવડી જાહેર પદ્ધતિથી નિકાલ કરવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓને જાહેર રજાના દિવસ સિવાય સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમિયાન તા. ૩/૭/૨૦૧૪ સુધીમાં સંસ્થાની ઓફીસમાંથી ટેન્ડર મળી શકશે. ટેન્ડર ફી રૂ. ૫૦૦/- તથા EMD રૂ. ૬૦૦૦/- રાખેલ છે. ભાવ ભરેલ ટેન્ડર સીલબંધ કવરમાં તા. ૪/૭/૨૦૧૪ બપોરના ૧૬-૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે. હરાજી તા. ૫/૭/૨૦૧૪ના રોજ ૧૧-૦૦ કલાકથી શરૂ કરવામાં આવશે. ટેન્ડરની શરતો ટેન્ડર સાથે અને હરાજીની શરતો હરાજી વખતે રૂબરૂ આપવામાં આવશે. હરાજી માટે EMD રૂ. ૬૦૦૦/- રાખેલ છે. બંધ ટેન્ડરથી આવેલ ભાવ હરાજી બાદ ટેન્ડર ખોલી જાહેર કરાશે. અને જાહેર હરાજીમાં સૌથી ઉંચી બોલીવાળા ભાવ / ટેન્ડર ભાવ પૈકી જે ભાવ વધારે હશે, તે ભાવ સ્વીકારવામાં આવશે. હરાજી બંધ રાખવી તથા આ ટેન્ડરો અગર હરાજીના ભાવ સ્વીકારવા અંગે આખરી સત્તા સંસ્થાના આચાર્યની રહેશે. અને તે સર્વેને બંધનકર્તા રહેશે.

આચાર્ય
માહિતી/૩૦૨/૧૪-૧૫ ઔ. તા. સંસ્થા, ગાંધીનગર

## NEWS બિટ્સ

### બે કિલોની જમ્બો કેરીનું નર્મદા કાંઠે ઉત્પાદન

કેરીની સીઝન પુરબહારમાં છે ત્યારે મધ્ય ગુજરાતમાં બે-બે કિલો કરતા અધિકનું વજન ધરાવતી કેરી પાકતા વૈજ્ઞાનિકોની આંખો પહોળી થઈ ગઈ છે. વડોદરા જિલ્લામાં નર્મદા કાંઠાના આંબાના બગીચાઓમાં બે બે કિલોથી અધિકના વજનની કેરીનું ઉત્પાદન થયું છે. આ હાઈબ્રીડ કેરી નથી અને કુદરતી રીતે જ વજનદાર છે.

### જયલલિતા પોતાની ખુરશી સાથે જ રાખે છે

તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા પોતાની ખુરશીના કારણે હાલમાં વિવાદમાં છે. તાજેતરમાં તેઓ કર્ણાટકના તેમના વિરોધી જગદીશ શેદરને મળવા બેંગ્લોરની લીલા હોટલમાં ગયા ત્યારે તેણે પોતાની ખાસ ખુરશી પણ ચેન્નાઈથી બેંગ્લોર બોલાવવામાં આવી હતી. જો કે આવું પહેલીવાર નથી બન્યું. આ પહેલા તેઓ દિલ્હીમાં નરેન્દ્ર મોદીને મળવા ગયા ત્યારે અને અરુણ જેટલીને મળવા ગયા ત્યારે આ ખુરશી સાથે લઈ ગયા હતા.

### દેશના ૬૦ ટકા વિજ મથકો પાસે સપ્તાહનો જ કોલસો

દેશમાં આકરા ઉનાળા અને ચોમાસાના વિલંબથી વિજ કટોકટી સર્જાવવાની શકયતા છે. ખાસ કરીને કોલગેટ કૌભાંડને કારણે દેશના વિજ ઉત્પાદનમાં ૭૦ ટકા હિસ્સો આપતા થર્મલ પાવર પ્લોટમાં કોલસાનો પુરવઠો સમયસર નહીં મળતા ૬૦ ટકાથી વધુ વિજ મથકોમાં હવે ૪ થી ૭ દિવસ ચાલે તેટલો જ કોલસાનો જથ્થો છે.

**ટચૂકડી જાહેર ખબર**

**ટ્યુશન માટે (સે.૧માં)**
ધો. ૫ થી ૯ સુધી ગુજરાતી / અંગ્રેજી માધ્યમ GSEB બોર્ડના વિદ્યાર્થીઓ માટે અલાયદા ટ્યુશનની સોનેરી તક
૯૮૨૫૩ ૭૧૮૧૯
૯૭૧૨૬ ૫૧૪૯૯

**ફ્લેટ વેચાણ / ભાડે આપાવાના છે**
D-601, D-603, મહાવીર હીલ્સ, પાંડવ વાડી, BJP ગુજરાત પ્રદેશ કાર્યાલયની સામે, કોબા સર્કલ નજીક, ગાંધીનગર
Contact
94283 16273
98259 53057

### વધુ ત્રણના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાલુકાના બોરીસણા રોડ પર આજે આશરે ૫૦ વર્ષીય શ્રમિક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઉપરાંત કલોલના ધાનજ ગામના આંતરિક માર્ગ પરથી પણ ભિક્ષુક જેવા લાગતા એક અજાણ્યા આધેડ વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. જયારે નારદીપુર ગામમાં દાદા ટ્રાવેલ્સ પાછળ રસ્તા પરથી બાલવાના રહેવાસી પોપટ વાલજી દંતાણીનો મૃતદેહ મળી આવ્યો છે. આ વ્યક્તિ માનસિક રીતે અસ્થિર હોવાનું પણ ધ્યાને આવ્યું છે. અગાઉ પણ ગરમીના કારણે બોરીજ ગામના એક વ્યક્તિનું મોત નીપજયું હતું. આકરા સુર્યપ્રકોપ વચ્ચે બહાર ફરતા આ ત્રણેય બેઘર વ્યક્તિઓનુંગરમીના લીધેમોત નીપજયું હોવાનું મનાઈ રહ્યું છે. આજે દિવસ દરમિયાન ગરમીનો પારો ૪૩.૮ ડીગ્રી રહ્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડીગ્રી નોંધાયુંહતું. વાતાવરણમાં ભેજનુંપ્રમાણ સવારે ૬૨ ટકા અનેસાંજે ૧૭ટકા રહ્યો હતો.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## જાહેર ચેતવણી

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ્ સુફલામ સ્પ્રેડીંગ ચેનલ વિભાગ નં.૧, હિંમતનગરની યાદી જણાવે છે કે, ગોરઠીયા મેશ્વો નદી પર ઉપર બાંધવામાં આવેલ છે. મેશ્વો નદી તલોદ તાલુકાના નવા, મોહનપુર, કઠવાડા, વરવાડા, મોટી ચેખલા, રતનપુર, ટકાર, લવારી, આંત્રોલી, દીલજીવાસ, સુરપુર, રામપુર, જેઠાજીના મુવાડા વગેરે ગામોમાંથી પસાર થાય છે.

આગામી ચોમાસા-૨૦૧૪ દરમિયાન ગોરઠીયા રીચાર્જ યોજનામાં આર.એલ. ૧૧૦.૪૩ મીટર સુધી પાણી ભરવામાં આવનાર છે. આથી ડુબ વિસ્તારમાં આવતા મોહનપુર, વરવાડા, ટકાર, મોટા ચુખલા, રતનપુર, કઠવાડા, ગામોની આજુબાજુ નદીમાં પાણી ભરાશે. તદ્ઉપરાંત ડેમમાથી પાણી છોડવામાં આવતા હેઠવાસમાં આવેલ સુરપુર, વસ્તાજીનાં મુવાડા, જેઠાજીના મુવાડા, મોટા ચેખલા તેમજ આંત્રોલી, દોલીજીવાસના ગામોમાં નદીમાં પુર આવવાની શક્યતા છે. આથી ઉપરોક્ત ગામોની તેમજ ડેમ વિસ્તારનાં આજુબાજુના ગામોની જાહેર જનતાને તાકીદ સાથે સાવચેત કરવામાં આવે છે કે, ચોમાસા દરમિયાન નદીનાં અને નદીકાઠાના વિસ્તારમાં અવરજવર કરવી નહીં. તથા પોતાના ઢોર-ઢાંખરને પ્રવેશવા દેવા નહીં. તેમજ નદીનાં પાણીમાં પ્રવેશવું નહીં. આવા ગેરકાયદેસર પ્રવેશને કારણે અકસ્માત થવાની સંભાવના છે. જેથી સંબંધિત વિસ્તારની જનતાએ નોંધ લેવા વિનંતી છે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૫૯/૨૦૧૪